નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ(કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત (કુલ-૨૬૧)...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૬૦૩૪૭૮/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૪/૦૮/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૧૯/૦૧/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
૨. આ વિભાગના તા:૧૮/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૧૮/૬૬૭૭૮-(નબા-૫૬)/ગ
૩. આ વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૯/૨૫૪૧૧૮/ન.બા.૨૧/ગ
૪. આ વિભાગના તા:૨૬/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૧૮/૬૫૬૩૧૯ (ન.બા.૧૧)/ગ
૫. આ વિભાગના તા:૦૩/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: સકછ/૧૦૧૮/૫૫૪૩૯૨-૨૦૩૧/ગ
૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૮/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૯૫૬/૨૦૨૦/ક.

આમુખ:

આ વિભાગનાં ક્રમ:૧ પરના તા:૧૯/૦૧/૨૦૧૮ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની કુલ-૨૫૩ જગ્યાનું સંખ્યા બળ (કેડર સ્ટ્રેંથ) નક્કી કરવામાં આવેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૨ પરના તા:૧૮/૦૬/૨૦૧૮ના ઠરાવથી સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની ૦૧ (એક) તેમજ વંચાણે લીધેલ ક્રમ:૩ પરના તા:૧૮/૦૯/૨૦૧૯ના ઠરાવથી સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની ૦૪ (ચાર) તેમજ વંચાણે લીધેલ ક્રમ-૪ પરના તા:૨૬/૦૯/૨૦૧૯ના ઠરાવથી સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની ૦૪ (ચાર) એમ કુલ-૦૯ નવી જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૫ પરના તા:૦૩/૦૨/૨૦૨૦ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળા (કન્યા), નડિયાદની સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ સંવર્ગની કુલ-૦૧ જગ્યા રદ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ:૬ પરના તા:૧૮/૦૬/૨૦૨૦ના પત્રથી નવી મંજૂર થયેલ ૦૯ જગ્યા અને રદ થયેલ ૦૧ જગ્યા અન્વયે કુલ-૨૬૧ જગ્યાનું સંખ્યાબળ નકકી કરવા દરખાસ્ત કરેલ છે

<u>ઠરાવ:</u>

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ-૩ સંવર્ગનું સંખ્યાબળ આથી ૨૬૧ ઠરાવવામાં આવે છે. તેમજ આ સંવર્ગના ભરતી નિયમમાં નિયત કરવામાં આવેલ સીધી ભરતી અને બઢતીના ૩:૨ રેશિયો અન્વયે નીચે મુજબની ફાળવણી કરવામાં આવે છે.

| સંવર્ગનું નામ | કુલ સંખ્યાબળ | સીધી ભરતીના ફાળાની જગ્યાઓ | બઢતીના ફાળાની જગ્યાઓ |
|---|---|---|---|
| સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) | ૨૬૧ | ૧૫૭ | ૧૦૪ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૦૬/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૦.